ઇદ-ઉલ-ફિત્રની ઉજવણી

બારડોલીમાં રમઝાન ઇદની ઉજવણી કરાઈ

બારડોલી: સમગ્ર દેશની સાથે બારડોલીમાં પણ આજે ઈદ-ઉલ-ફિત્રના પવિત્ર તહેવારની ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શહેરના ઈદગાહ મેદાન ખાતે વહેલી સવારથી જ મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. આ પ્રસંગે મુફ્તી મહમુદ હાફેજીએ જનમેદનીને સંબોધતા માનવતા, શિસ્ત અને નેકીના માર્ગે ચાલવાનો સંદેશ આપ્યો હતો.

ભરૂચમાં ઈદ પર્વે મુસ્લિમોમાં ઉત્સાહ

ભરૂચ: ભરૂચ શહેર અને જિલ્લામાં મુસ્લિમ બિરાદરોએ શનિવારે ઈદ-ઉલ-ફિત્રના પવિત્ર તહેવારની ધાર્મિક ઉલ્લાસ વચ્ચે શાંતિપૂર્ણ ઉજવણી કરી હતી. વહેલી સવારે હજારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો શહેરના ઐતિહાસિક ઈદગાહ મેદાન ખાતે એકઠા થયા હતા. અહીં વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી. નમાઝ બાદ સૌએ એકબીજાને ગળે મળી 'ઈદ મુબારક' પાઠવી પરસ્પર શુભેચ્છાઓની આપ-લે કરી હતી. ઈદના તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભરૂચ જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ શહેર તથા જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સોનગઢમાં મુસ્લિમ બિરાદરોએ રમઝાન ઈદની ઉજવણી કરી

સોનગઢ: સોનગઢ નગરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)ની ભારે ઉત્સાહ અને આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મુસ્લિમ સમાજના લોકોમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. સોનગઢ સ્થિત ઈદગાહ તેમજ સુન્ની મસ્જિદ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઊમટી પડ્યા હતા. પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને સૌએ શિસ્તબદ્ધ રીતે સામૂહિક નમાઝ અદા કરી હતી.

ગંગથામાં ઈદ પર્વે વિશ્વ શાંતિની દુઆ ગુજારાઈ

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના ગંગથા ગામમાં ઈદનો તહેવાર ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવાયો હતો. વહેલી સવારે ગામની મસ્જિદમાં નમાજ અદા કરવામાં આવી હતી. જ્યાં મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈઓ એકત્રિત થયા હતા અને દેશ-વિશ્વમાં શાંતિ અને સુખાકારી માટે દુઆ કરી હતી.

અંબિકા તાલુકામાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી

ભોરિયા: સુરત જિલ્લાના અંબિકા તાલુકાના અનાવલ, કુમકોતર અને કાંકરિયા ગામે ઈદ-ઉલ-ફિત્રનો પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. ઈદગાહમાં નમાઝ અદા કરી મુસ્લિમ બિરાદરોએ શાંતિ અને ભાઈચારા માટે દુઆ માંગી હતી. આ પ્રસંગે હિન્દુ સમાજના આગેવાનોએ પણ હાજર રહી શુભેચ્છાઓ પાઠવતા સામાજિક એકતાનું સુંદર દૃશ્ય જોવા મળ્યું હતું. સૌએ પરસ્પર ગળે મળી મીઠાઈઓ વહેંચી તહેવારની ઉજવણી કરી હતી.

નેત્રંગમાં રમઝાન ઈદ પર્વે મુસ્લિમોએ એકબીજાને મુબારકબાદી પાઠવી

નેત્રંગ: નેત્રંગ નગરમાં આવેલ તેમજ ઝરણા ખાતે આવેલી મસ્જિદમાં તેમજ લાલમંટોડીની ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ હાજર રહી ઉત્સાહભેર ઈદની ઉજવણી કરી હતી. મસ્જિદો અને ઈદગાહમાં મોટી સંખ્યામાં બિરાદરોએ નમાઝ અદા કરી એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

માંડવીમાં રમઝાન ઈદ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાઈ

માંડવી: પવિત્ર રમઝાન માસના અંતિમ દિવસે માંડવી શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા રમઝાન ઈદનો તહેવાર ઉત્સાહભેર ઉજવાયો હતો. સવારે ઇઝગાં મેદાનમાં વિશાળ સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ભેગા થઈ ઈદની નમાજ અદા કરી હતી. ઉજવણી દરમિયાન સિનિયર એડવોકેટ ઐયુબ પઠાણ, ખાલિક શેખ, રસીદખાન પઠાણ, એડ્વોકેટ તલક પઠાણ, અનીશ મિર્ઝા, હનીફ મેમણ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

અંકલેશ્વરમાં ઈદ ઉલ ફિત્ર પર્વે મુસ્લિમોએ નમાજ અદા કરી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરમાં ઈદ ઉલ ફિત્રનો પવિત્ર તહેવાર ઉત્સાહપૂર્ણ તેમજ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાયો હતો. શહેરના ઈદગાહ મેદાન સહિત વિવિધ મસ્જિદોમાં મુસ્લિમ બિરાદરોએ મોટી સંખ્યામાં હાજરી આપી ઈદની નમાઝ અદા કરી હતી. આ પ્રસંગે શહેર પોલીસ દ્વારા કડક અને સુચારૂ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયો હતો.

ભરૂચમાં સ્કૂલ વાન ચાલકે સગીર વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજાર્યો

વાનમાં અને અવાવરુ સ્થળે લઈ જઈ દુષ્કર્મ કરનાર નરાધમની ધરપકડ

ભરૂચ: ઔદ્યોગિક નગરી ભરૂચમાં એક અત્યંત ગંભીર અને માનવતા શરમાવે તેવી ઘટના સામે આવી છે. શહેરની એક જાણીતી ખાનગી શાળાની સગીર વિદ્યાર્થિનીને તેણીની જ સ્કૂલ વાન ચલાવતા ચાલકે પોતાનો શિકાર બનાવી હતી. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

પોલીસને મળતી માહિતી અનુસાર પીડિતા સગીરા નિયમિતપણે આ વાનમાં શાળાએ જતી-આવતી હતી. આરોપી વાન ચાલક 25 વર્ષીય શાહરૂખ રુસ્તમ ગોહિલ, વિદ્યાર્થિનીની માસૂમિયતનો લાભ લઈ તેણીને લાલચ આપી અવાવરુ સ્થળે લઈ જઈ અનેકવાર દુષ્કર્મ આચરતો હતો. આ ઘટનાની જાણ વિદ્યાર્થિનીના વાલીઓને થતાં તેમણે તાત્કાલિક ભરૂચ સી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે ત્વરિત કાર્યવાહી કરતાં આરોપી શાહરૂખ ગોહિલની ધરપકડ કરી લીધી છે. આરોપી વિરુદ્ધ બળાત્કાર, અપહરણ અને પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં પોલીસે પીડિતા અને આરોપી બંનેની મેડિકલ તપાસ કરાવવાની કાર્યવાહી શરૂ કરી છે.

આ બનાવે ખાનગી શાળાઓ દ્વારા સંચાલિત વાન સેવાઓની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલ ઉઠાવ્યા છે. નાગરિકો અને વાલી મંડળોએ માંગ કરી છે કે શિક્ષણ વિભાગ દ્વારા તમામ સ્કૂલ વાન ચાલકોનું પોલીસ વેરિફિકેશન અને આઈડી કાર્ડ ફરજિયાત બનાવવામાં આવે. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે આ ઘટનાએ ભરૂચના સામાજિક જનમાનસ પર ઊંડો આઘાત પાડ્યો છે.

ત્રણ દિવસમાં ત્રણ ઘટના: સમાજ અને પોલીસ માટે પડકાર

ભરૂચ પંથકમાં છેલ્લા ત્રણ દિવસમાં આ ત્રીજી દુષ્કર્મની ઘટના બની છે. સતત આવી ઘટનાઓમાં સભ્ય સમાજમાં ચિંતા પ્રસરી ગઈ છે.

ચોપડવાવ ગામમાં પુલના છેડે 10 ફૂટનું ગાબડું પડ્યું

સાગબારા: સાગબારા-ડેડિયાપાડા વિસ્તારમાં ચોપડવાવ ગામ નજીકના પુલના એક છેડે છેલ્લા કેટલાય સમયથી 10 ફૂટ જેટલું મસમોટું ગાબડું પડતાં વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. સ્થાનિક વાહન ચાલકોનું કહેવું છે કે, આ ગાબડું પડ્યાને ખાસ્સો સમય વીતી ગયો છે, પરંતુ અધિકારીઓએ હજુ સુધી તેને પૂરવાની કામગીરી કરી નથી.

ભરૂચમાં મચ્છી માર્કેટમાં યુવક પાઈપ સાથે શંકાસ્પદ હાલતમાં પકડાયો

ભરૂચ: ભરૂચ શહેરના 'એ' ડિવિઝન પોલીસ ટીમે દાંડિયા બજાર મચ્છી માર્કેટ વિસ્તારમાં પેટ્રોલિંગ વેળા એક યુવકની ધરપકડ કરી છે. ભરૂચ એ ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી હતી કે, દાંડિયા બજાર મચ્છી માર્કેટ ખાતે એક શખ્સ લોખંડનો પાઈપ લઈને દાદાગીરી કરતો ફરે છે. જેને લઈને પોલીસ ખાનગી વાહનમાં દાંડિયા બજારમાં આવેલા મચ્છી માર્કેટ ખાતે પહોંચી ગઈ હતી. શંકાસ્પદ સ્થિતિમાં ફરતા કૃણાલ અશોકભાઈ ઉગરેજીયા (ઉં.વ.22) નામના યુવકને હાલતમાં પકડવામાં આવ્યો હતો. તેના હાથમાંથી લગભગ અઢી ફૂટ જેટલો લાંબો લોખંડનો પાઈપ મળી આવ્યો હતો. પાઈપના સંદર્ભમાં આરોપીએ કોઈ સંતોષજનક જવાબ આપ્યો ન હતો. આરોપી વિરુદ્ધ જાહેરનામાનો ભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

'પ્રેમિકા ન આવતાં યુવાને 112 પર ફોન કરી કહ્યું: 'હું આત્મહત્યા કરું છું'

વાલોડની ઘટના, પોલીસે ગણતરીની મિનિટ્સમાં યુવાનને મોતના મુખમાંથી ખેંચી લીધો

વાલોડ: વાલોડ ગામનો યુવાને 112 નંબર ઉપર કોલ કરી આત્મહત્યા કરવાનું જણાવતાં પોલીસની ટીમ દોડતી થઈ હતી. યુવકની પ્રેમિકાને તેનાં માતાપિતા લઈ ગયા બાદ પરત ન મોકલતાં યુવકે આત્મહત્યા કરવાનું નક્કી કર્યું હતું. જેથી તે ઘરની પાછળ આવેલા નદી કિનારા પાસેથી 112 વાલોડ પોલીસની ટીમે તેને ખોટું પગલું ભરતાં અટકાવ્યો હતો અને સુરક્ષિત તેનો કબજો તેના ભાઈને સોંપવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112 હેઠળ કાર્યરત મોબાઈલ વાનમાં અ.પો.કો દિગ્વિજયસિંહ કોદરસિંહ ફરજ ઉપર હાજર હતા. દરમિયાન 20 વર્ષના યુવાનનો ફોન આવ્યો હતો અને હું આત્મહત્યા કરવા જાઉં છું કહી ફોન કટ કરી દીધો હતો. જેથી પોલીસ કર્મચારી દિગ્વિજયસિંહ તેમની ટીમ સાથે તુરંત પ્રેમી યુવાનના ઘરે પહોંચ્યા હતા.

ત્યારે તે ફળિયાની પાછળથી પસાર થતી નદી કિનારે હાજર હતો અને તેને આત્મહત્યા કરતાં અટકાવ્યો હતો. અને તેને સમજાવી વાલોડ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં તેની પૂછતાછ કરતાં તેણે સ્યુસાઈડ કરવાનું કારણ જણાવ્યું હતું કે તેને એક યુવતી સાથે પ્રેમસંબંધ હોય અને તેના ઘરે રહેતી હતી. જેની કોલેજની પરીક્ષા હોવાથી તેનાં માતાપિતા તેને લઈ ગયાં હતાં અને પરીક્ષા પૂર્ણ થયા બાદ તેણીને તેનાં માતાપિતા પ્રમિકાને માસીના ઘરે મોકલી આપી હતી.

યુવક સાથે વાત કરવા દેતા ન હોવાથી તેની બહુ જ યાદ આવતી હોવાથી તેણે 112 હેલ્પલાઈન નંબર ઉપર કોલ કરી આત્મહત્યા કરવા અંગે જાણ કરી હતી. આથી પોલીસની ટીમે તેને સમજાવી કાઉન્સેલિંગ કર્યું હતું. અને યુવાનનો કબજો તેના ભાઈને સોંપ્યો હતો. જેથી પોલીસની 112 હેલ્પલાઈનની ટીમે યુવાનને ખોટું પગલું ભરતાં અટકાવી પ્રશંસનીય કામગીરી કરી હતી.

બારડોલીમાં અછત વચ્ચે રાંધણ ગેસ સિલિન્ડરનો ગેરકાયદે વપરાશ

રોડ પર સફેદ પટ્ટા પાડતી એજન્સીએ સરકારી નિયમોના લીરેલીરા ઉડાડ્યા

બારડોલી: સમગ્ર રાજ્યમાં જ્યારે અત્યારે રાંધણ ગેસની ભારે અછત પ્રવર્તી રહી છે અને સામાન્ય જનતા એક-એક બાટલા માટે વલખાં મારી રહી છે, ત્યારે બારડોલીમાં તંત્રની આંખ ઉઘાડતાં દૃશ્યો સામે આવ્યાં છે. અસ્તાન રોડ પર ઓવરબ્રિજ પાસે રોડ પર સફેદ પટ્ટા પાડતી એજન્સી દ્વારા સરકારી નિયમોના લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે.

રસ્તા પર પટ્ટા મારવાની કામગીરી દરમિયાન નિયમ મુજબ કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરવાનો હોય છે, પરંતુ અહીં કોન્ટ્રાક્ટરો દ્વારા બિનધાસ્તપણે ઘરેલું રાંધણ ગેસના બાટલા વાપરવામાં આવી રહ્યા છે. આ ઘટના કેમેરામાં કેદ થતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

એક તરફ સામાન્ય નાગરિકો ગેસ ન મળવાને કારણે ફરી લાકડાના ચૂલા તરફ વળ્યા છે અને કલાકો સુધી લાઈનોમાં ઊભા રહે છે, ત્યારે બીજી તરફ પાલિકાના કામમાં જ આવી ગેરરીતિ આચરવામાં આવતાં તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શું આ નિયમો માત્ર સામાન્ય જનતાને દંડવા માટે જ છે? શું બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવશે કે પછી તંત્ર મૌન રહીને આ ગેરકાયદે પ્રવૃત્તિને છાવરશે એ જોવું રહ્યું.

ડિજિટલ ઈન્ડિયામાં 'ધક્કા ગાડી' બસ બંધ થતાં ધક્કા મારવા પડ્યા

જંબુસર એસટી ડેપોનો ચોંકાવનારો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો

ભરૂચ: જંબુસર એસટી ડેપોનો એક ચોંકાવનારો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વિડીયોમાં જોવા મળે છે કે ટેકનિકલ ખામીને કારણે રસ્તા વચ્ચે બસ બંધ પડી ગઈ હતી. બસ ચાલુ ન થતાં આખરે મુસાફરો અને ડેપોના કર્મચારીઓએ સાથે મળીને બસને ધક્કા મારીને શરૂ કરવાની ફરજ પડી હતી.

આ ઘટનામાં અંદાજે 8થી 10 લોકો, જેમાં બસના ડ્રાઈવર અને અન્ય સ્ટાફનો પણ સમાવેશ થાય છે, બસને જોરથી ધક્કો મારતા નજરે પડ્યા હતા. આ વિડીયો સામે આવતા જ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. એક તરફ સરકાર હાઈટેક પરિવહન અને નવી બસોની વાતો કરે છે, ત્યારે બીજી તરફ જંબુસર જેવા મહત્ત્વના ડેપોમાં બસોની આવી જર્જરિત હાલત જોઈને મુસાફરોમાં ભારે નારાજગી અને આક્રોશ ફેલાયો છે. મુસાફરોનું કહેવું છે કે સમયસર મેઈન્ટેનન્સના અભાવે આવી ઘટનાઓ વારંવાર બને છે, જેનાથી કીમતી સમયનો બગાડ થાય છે.

સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ થયા બાદ જંબુસર ડેપોની વ્યવસ્થા અને બસોની સુરક્ષા સામે અનેક પ્રશ્નાર્થ સર્જાયા છે. સ્થાનિક રહીશો અને મુસાફરોએ આ મામલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા હસ્તક્ષેપ કરીને જવાબદાર કર્મચારીઓ કે અધિકારીઓ સામે કડક તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠાવી છે. મુસાફરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાને રાખીને તંત્ર વહેલી તકે નવી બસો ફાળવે અથવા જૂની બસોનું યોગ્ય સમારકામ કરાવે તે અત્યંત અનિવાર્ય બન્યું છે.

નવા વાઘપુરાની આશ્રમશાળાના વિદ્યાર્થીનો આપઘાત

રાજપીપળા: રાજપીપળા-ગરુડેશ્વર હાઈવે પર આવેલી નવા વાઘપુરા ગામની ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં એક કરુણ ઘટના સામે આવી હતી. અહીં ધોરણ-૭માં અભ્યાસ કરતા 14 વર્ષીય વિદ્યાર્થી દીપશિત દીપકભાઈ તડવીએ હોસ્ટેલના રૂમમાં પંખા સાથે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ગરુડેશ્વર તાલુકાના ભૂમલિયા ગામનો વતની દીપશિત આશ્રમશાળાની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતો હતો. મળતી માહિતી મુજબ કોઈ અગમ્ય કારણોસર માનસિક તણાવમાં આવી જઈ તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાઈ રહ્યું છે. આ આઘાતજનક ઘટનાની જાણ થતા જ મૃતક વિદ્યાર્થીની વિધવા માતાએ સ્થાનિક પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આશાસ્પદ વિદ્યાર્થીના આપઘાતથી તેના પરિવાર અને શાળા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

બલેશ્વરમાં ૨૦ વર્ષીય યુવતીએ ફાંસો ખાધો

પલસાણા: મૂળ ઉત્તર પ્રદેશના વતની ૨૦ વર્ષીય યુવતી રૂપાલી રાજેન્દ્ર ભારતીયા ભારતીયા હાલ બલેશ્વર ગામના ફરહાન પાર્કમાં આવેલી પૂનમચંદની બિલ્ડિંગના રૂમ નં.૭માં રહેતી હતી. ગત ૧૯ માર્ચે સાંજે પથી રાત્રિના ૧૦ વાગ્યાના અરસામાં તેણે દુપટ્ટા વડે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓલપાડ એસ.ટી. ડેપોને બે નવી બસની ભેટ

સાયણ: ઓલપાડ એસ. ટી.ડેપોને રાજ્ય સરકારે વધુ બે નવી એસ.ટી.બસની ભેટ આપતાં શનિવારે ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલે બંને બસ પ્રજાની સુવિધા માટે લોકાર્પણ કરી હતી. ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.ની મહિલા સરપંચ રૂચિકાબેન કાપ્લિકભાઈ પટેલે ધારાસભ્ય મુકેશભાઈ પટેલ સહિત સરકારમાં રજઆત કરી હતી કે, ઓલપાડ તાલુકાની પ્રજાને મુસાફરી માટે હજુ વધુ એસ.ટી.બસ ફાળવવામાં આવે. મહિલા સરપંચની રજૂઆતનો પડઘો પડતાં બે નવી બસ ફાળવવામાં આવી હતી.

દેલાડ ગામમાં મોપેડ ચોરીનો ભેદ ઉકેલાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી.એ બાતમીના આધારે સાયણ પાસેથી મોપેડ ચોરીના બે આરોપી ૧૯ વર્ષીય પાર્થભાઇ અરવિંદભાઇ દેવમુરારી (રહે.,ઉમરા, તા.ઓલપાડ અને મૂળ રહે.,જસદણ, રાજકોટ) તથા ૧૯ વર્ષીય નિહારભાઇ રજનીભાઇ ભૂવા (રહે.,સરથાણા જકાતનાકા અને મૂળ રહે.,વિસાવદર, જૂનાગઢ)ને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરીનું મોપેડ, બાઈક અને મોબાઈલ સહિત કુલ ૯૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે ઓલપાડ પોલીસે ગુનો નોંધી દેલાડ ગામની સીમમાં થયેલી આ ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.

પીપરિયા ગામે સોલાર પ્લાન્ટના વાયર ચોરી કરનારા બે ઝડપાયા

માંડવી: માંડવીના પીપરીયા ગામે સરપંચની સતર્કતા અને ગામલોકોની જાગૃતિને કારણે સોલાર પ્લાન્ટમાં થયેલી મોટી ચોરીનો પ્રયાસ નિષ્ફળ ગયો હોવાનું બહાર આવ્યું છે. લિફ્ટ ઈરિગેશન યોજનાને નિશાન બનાવી વાયર ચોરી કરતાં બે શખ્સને ગામલોકોએ રંગેહાથ ઝડપીને પોલીસને સોંપી દીધા હતા.

ગામના સરપંચ વિપુલભાઈ વસાવા ગત ૨૦ માર્ચની રાત્રે ખેતરમાં પાણી આપવા ગયા હતા ત્યારે રસ્તા પર શંકાસ્પદ હાલતમાં ઊભેલી મોટરસાઈકલ નજરે પડી હતી.

પરિસ્થિતિ ગંભીર જણાતા તેમણે તરત જ ગામના બે યુવાનને બોલાવી સતર્કતા દાખવી હતી. ત્રણેય જણાએ મળીને નજર રાખતા થોડા સમય બાદ બે શખ્સો બોરી સાથે ત્યાં પહોંચ્યા હતા. બોરીની તપાસ કરતાં તેમાં મોટરના ઈલેક્ટ્રિક કેબલ તથા સોલાર પ્લાન્ટ સાથે જોડાયેલા કાળા અને લાલ રંગના વાયર મળી આવ્યા હતા. કડક પૂછપરછમાં આરોપીઓએ પીપરિયામાં સોલાર પ્લાન્ટમાંથી વાયર ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પકડાયેલા આરોપીઓ દિવ્યેશ મહેશ રાઠોડ (ઉં.વ.19) અને ઉમેશ ગુરજી હળપતિ (ઉં.વ.26) (બંને સિંગોદ)ના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. તેમની પાસેથી કુલ ૩૬૦ મીટર જેટલા વાયર, જેની અંદાજિત કિં.રૂ.૧૮,૪૦૦ થાય છે, જપ્ત કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં માંડવી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી આરોપીઓ, ચોરાયેલો માલસામાન તથા બાઈક કબજે લઈને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

ચંદનપુર ગામે સિંચાઈ યોજનાનું ખાતમુહૂર્ત

માંડવી: જળસંપત્તિ અને પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ હસ્તે અરેઠ તાલુકાના ચંદનપુર ગામે રૂ.૩૬૦ કરોડના ખર્ચે સાકાર થનાર માંગરોળ અને માંડવી તાલુકામાં કાકરાપાર જમણા કાંઠા મુખ્ય નહેર આધારિત ઉદવહન સિંચાઈ યોજનાનું ખાતમુહૂર્ત કરાયું હતું. યોજનાથી માંગરોળ તાલુકાનાં ૫ ગામની ૨૧૮૩.૪૬ હેક્ટર અને માંડવી તાલુકાનાં ૯ ગામોની ૩૮૮૫.૧૯ હેક્ટર જમીન સહિત કુલ ૬૦૬૮.૬૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે, જેના કારણે કુલ ૧૪ ગામોને સિંચાઈના પાણીનો સીધો લાભ મળશે. માંગરોળ તાલુકાનાં નાની નરોલી, ડુંગરી,બોરસદ-દેગડીયા અને ઉમેલાવ ગામો તેમજ માંડવી તાલુકાના અરેઠ, અંત્રોલી, ફલી, ઝાબ,ચંદનપુર,મધરકુઈ,ટુકેડ,પાતલ અને ઉટેવા ગામોના ખેડૂતો લાભાન્વિત થશે.

ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, વનબંધુ કલ્યાણ યોજનાએ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસનો પાયો નાંખ્યો છે. આજે રાજ્ય સરકાર ઝડપેભેર અને દ્રઢતાથી વિકાસના માર્ગે આગળ વધી રહી છે. આ પ્રસંગે ધારાસભ્ય ગણપતભાઈ વસાવા, જળસંપતિ વિભાગના સચિવ પી.સી.વ્યાસ, મુખ્ય ઈજનેર આર.એમ પટેલ, જિ.મહામંત્રી રોહિતભાઈ પટેલ, નટુભાઈ રબારી, દિનેશભાઇ પટેલ, અનિલભાઈ ચૌધરી, મનસુખભાઈ ચૌધરી, સહિત તા.પં.સભ્યો, વિવિધ ગામોના સરપંચઓ ઉપસ્થિત રહ્યા હતા.

આદિવાસી સમુદાયની સુખાકારીમાં નોંધપાત્ર વધારો થશે: ગણપતભાઈ વસાવા

ધારાસભ્ય ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, જનકલ્યાણની અનેકવિધ યોજનાઓથી આદિવાસી સમુદાયની સુખાકારીમાં નોંધપાત્ર વધારો થતા તેમના જીવનસ્તરમાં સકારાત્મક પરિવર્તન જોવા મળી રહ્યું છે. આદિજાતિ ખેડૂતો સિંચાઈ સુવિધાથી વંચિત ન રહે એ માટે સરકારે આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈ યોજનાઓને પૂરઝડપે કાર્યરત કરી છે. આદિવાસી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ સુવિધા મળવાથી વર્ષમાં અનેકવિધ પાકો, શાકભાજી, ફળફળાદિનું ઉત્પાદન શક્ય બનશે.

નાના લીમટવાડામાં ટ્રક અને મોપેડ વચ્ચે અકસ્માત

રાજપીપળા: નાના લીમટવાડા બસ સ્ટેન્ડ પાસે પૂરઝડપે આવતી ટ્રક નં.(GJ-13-AX-3131)ના ચાલકે મોપેડ નં.(GJ-22-M-5908) ને ટક્કર મારતા બે વ્યક્તિ ઘાયલ થયા છે. અકસ્માતમાં કમુબેન મન્સુરીના પગ પર ટાયર ફરી વળતાં ગંભીર ઈજા થઈ છે, જ્યારે ઈલીયાઝ મન્સુરીને હાથે ફેક્ચર થયું છે. રાજપીપળા પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333